# તીસરી કસમનાં હીરામન-હીરાબાઈ: સાજનવા બૈરી હો ગયો હમાર!

**ગીતકાર શૈલેન્દ્ર વડે નિર્મિત આ એક માત્ર ફિલ્મ. ફણીશ્વરનાથ રેણુની વાર્તા પરથી બનેલી આ ફિલ્મની પટકથા નબેન્દુ ઘોષે લખેલી અને સંવાદ સ્વયં રેણુજીના હતા. બાસુ ભટ્ટાચાર્યના દિગ્દર્શનવાળી આ પ્રથમ ફિલ્મ હતી.**




બકુલ ટેલર. aarpar@gmail.com

ગાડીવાન હીરામનનો ધંધો તેના ગામનાં રેલવે સ્ટેશને ઊભી રહેલી ગાડીમાંથી ઉતરતા માલ-સામાનને ભાડું લઈ ઠેકાણે પહોંચાડવાનો હતો. પરંતુ કંટ્રોલના એ જમાને ક્યારેક કાળાબજારનું અનાજ તેના ગાડા પર ચડી જતું ને પોલીસ જડતી લે ત્યારે હીરામનની હાલત બગડી જતી. અમથા જ પોલીસના આંટાફેરા. એક વાર ગાડામાં વાંસ ભર્યા હતા ને રસ્તા વચ્ચે બીજા ગાડા સાથે ટકરાતાં મારા ખાવા વારો આવેલો. હીરામને ત્યારે કસમ ખાધેલી કે કોઈ દહાડો કાળાબજારનો માલ ગાડા પર ચડવા ન દેવો અને ગમે તેટલું ભાડું મળે તોય વાંસને ગાડે ન ચડવા દેવા. રાત-મધરાતે સ્ટેશને ગાડી ઊભી રહે અને એવી એક રાતે ઉતરેલા એક મુસાફરે પોતાની સાથે આવેલી સ્ત્રીને મેળાના ગામ સુધી પહોચાડવાનું ભાડું પૂછ્યું. સ્ત્રીનો ચહેરો ઓઢણીથી ઢંકાયેલો હતો. ૩૦ રૂા. ભાડું નક્કી થયું અને પેલી સ્ત્રી ગાડામાં બેઠી. વચ્ચે પડદો કરાયો હતો. હીરામનને ખબર નહીં કે અંદર બેઠી છે તે કોણ છે. એ હતો સાદો, સરળ પણ જિંદગીના મર્મને સમજનારો માણસ. ૪૦ માઈલ દૂર જવાનું છે રાત આખી ખેંચવા ઉપરાંત દહાડોય માથે લેવાનો હતો. ગાડીમાં બેઠેલી સ્ત્રીના પગની ઘૂઘરી ક્યારેક રણકતી. ક્યારેક તેના ગોરા પગ જોવાઇ જતા. તેને થતું ઔરત છે કે ચંપાનું ફૂલ! ગાડી મઘમઘ્યા કરે છે. અંદર બેઠેલી સ્ત્રી સાથે ધીરે ધીરે વાતો શરૂ થઈ. એક બીજાના ઘરમાં કોણ કોણ છે તે પુછાયું. પેલી સ્ત્રીએ જરા હસીને જવાબ આપ્યો, 'કહીં ભી કોઈ ભી આપના નહીં ઇસ જમાને મેં. ન આશિયાને બહાર, ન આશિયાને મેં. 'આશિયાને?!' હીરામનને બધું તો ન સમજાયું પણ તેણે એ જરૂર જાણ્યું કે પોતાનું નામ હીરામન છે તેમ એ સ્ત્રીનું નામ છે હીરાબાઈ. તેણે એવું પણ જાણ્યું કે તે મેળામાં જઈ રહી છે. હીરામને જિંદગીમાં કદી નૌટંકી, સિનેમાં જોયેલા નહીં. તેને ખબર જ નહીં કે તે જે સવારી લઈને જઈ રહ્યો છે તે તો નૌટંકીની મશહૂર એક્ટ્રેસ ને નાચનારી મિસ હીરાબાઈ છે. તેને તો બસ એવું લાગે છે કે આ કોઈ પરી છે. હીરાબાઈને આ જાણી હસવું આવે છે કે, હું વળી પરી? હીરામન ચાળીસનો છે.

બચપણમાં લગ્ન થયેલા પણ ગૌનાના રિવાજ મુજબ હજુ તેડે તે પહેલાં જ જેને પરણેલો તે મૃત્યુ પામેલી. ફરી લગ્નનો મેળ ન ખાધો. ભાભી ઇચ્છતી હતી કે કોઈ કુંવારી સાથે પરણે અને કુંવારી એટલે પાંચ-સાત વર્ષની છોકરી. હીરામન તૈયાર જ ન થયો ને આખર નક્કી કરી લીધેલું કે હવે લગ્ન જ નહીં કરશે. ''બ્યાહ કરકે ફિર ગાડીવાન ક્યા કરેગા કોઈ!'' હીરાબાઈને લાગ્યું કે હીરામન બહુ નિશ્ચલ આદમી છે. સવાર પડી. વચ્ચે નદી આવી તો હીરામને કહ્યું, 'નહા લો.' હીરાબાઈ નહાવા જતી હતી તો કહે કે 'ઈસ ઘાટપે કુંવારી લડકી નહીં નહાતી, વહાં જાઓ.' નૌટંકીવાળી સ્ત્રીને કોણ કુંવારી સમજે? હીરાબાઈએ અંદરથી બહુ સુખ અનુભવ્યું. આમ કરતાં કરતાં લાંબો રસ્તો કપાઈ રહ્યો છે. હીરામને રસ્તો ખૂટાડવા મહુઆ નામની મા વિનાની રૂપાળી છોકરીની વાર્તા માંડી. જેમાં તે કોઈ અજાણ્યાના પ્રેમમાં પડે છે પણ છેવટે સાવકી મા તેને કોઈને વેચી દે છે. હીરામન પીડાનું ગીત છેડે છેઃ 'દુનિયા બનાવેવાલે ક્યા તેરે મન મેં સમાઈ, તુને કાહેકો દુનિયા બનાઈ...' બંનેને ખબર નથી પડતી પણ આ ગીત, આ વાત, આ વાર્તા વડે બંનેના આત્મા એકબીજામાં ગુંથાવા લાગ્યા છે. હીરાબાઈ ગીત સાંભળી કહે છે, 'તુમ તો મેરે ગુરુ હો' હીરામનને આશ્ચર્ય થાય, મૈંને ક્યા સિખાયા હે આપકો?' જવાબમાં હીરાબાઈ 'પ્રીત બનાકે તુને જીના સિખાયા, હંસના સિખાયા, રોના સિખાયા...' ગણગણે છે. તેમનું ગાડું એક ગામમાંથી પસાર થાય છે. ગાડું ઉપરથી ઢાંકેલું હોય અને પડદાવાળું હોય તેને ટપર કહેવાય. એવું ટપર પસાર થતાં ગામડાંના બાળકોએ જોયું અને ઉલ્લાસથી- 'લાલી-લાલી ડોલિયા મેં, લાલીટે દુલ્હનિયા' તેઓ સમજી બેઠા હતા કે ટપરમાં પરણીને જઈ રહેલી દુલ્હનિયા છે. હીરામન પણ હસ્યો અને હીરાબાઈ પણ ગીતનાં ભાવથી પ્રસન્ન થતી હસતી રહી. પણ રસ્તો પૂરો થવાનો હતો ને થવા આવ્યો ત્યારે રાત પડી હતી. હીરાબાઈને નૌટંકીમાં જવા કરતાં અહીં રહેવું ઠીક લાગતું હતું. તે બોલી- 'મૈં આજ રાત આપકી ગાડી મેં હી રહૂંગી' 'ભલે રહે.' હીરામનના આનંદનો પાર નથી. કંપનીની બાઈ આવી પણ હોય? રસ્તા આખામાં તેણે વાત કરતાં કરતાં હીરાબાઈને એવી મનમાં વસાવી છે કે હીરાબાઈ વિશે આડીટેઢી વાત કરે તો ગુસ્સો આવે. 'ચલત મુસાફિર મોહ લિયા રે...' ગીત તેણે મેળો જોવા આવી પહોંચેલી મંડળી સાથે ગાયું અને ખૂબ સમય વીતાવ્યો. આખર મેળો આવી ગયો. હીરાબાઈએ તેને કહ્યું છે કે અભી કુછ દિન મેલે મેં રહેના. દો-ચાર દિન રહે કે નૌટંકી દેખના. પહોંચ્યા પછી હીરાબાઈએ ભાડાના રૂપિયા આપવા માંડ્યા પણ તે કેવી રીતે લે હવે? હીરાબાઈએ ધરાર હાથમાં મૂક્યા અને કહ્યું કે કલ કંપની મેં આકે મિલના. પાસ બનવા દૂંગી. ને 'મૈં જાઉં' બોલી રજા માગી લીધી.

આ એવો સંબંધ બંધાયો છે જે તેમના બેનાં મન જ જાણે છે. હીરાબાઈ તેને પાંચ પાસ કઢાવી આપે છે હીરામન અને તેના સાથી-દોસ્તોનાં પણ. એક ખાસ અધિકારભાવ સાથે તે પ્રેક્ષકોમાં બેસે છે પણ ત્યાં એક દારૂડિયો હીરાબાઈને રંડી કહે છે તો 'કંપની કી બાઈ કો રંડી બોલતા હૈ? તેરી જબાન ખીંચ લૂંગા!' કહી મારામારી પર ઉતરી આવે છે. આ બનાવ જ્યારે હીરાબાઈ જાણે છે તો તેને અંદર બોલાવે છે. હીરામન ઊભો છે ને તે પૂછે છે 'મારપીટ ક્યું કર રહે થે?' 'વો લોગ આપ કો ગાલી દે રહે થે!' હીરામને જવાબ આપ્યો અને હીરાબાઈનો ગુસ્સો ભડક્યો- 'ગાલી દે રહે થે તો ક્યા હુઆ? કોઈ કુછ ભી કહે તુમ કો બીચમે આને કી ક્યા જરૂરત થી?' હીરામનના મનમાંથી હજુ જતું ન હતું કે હીરાબાઈને કોઈએ રંડી કહી છે. તેણે આ કહ્યું તો હીરાબાઈ બોલી, 'દુનિયાવાલોં કે મુખ પે તાલા લગાતે ફિરોંગે? ઔર મેરે લિયે મારપીટ કરનેવાલે તુમ હો કૌન? ક્યા




હકક હે તુમ્હે?' હીરામનને આઘાત લાગે છે. તે બીજે દિવસે નૌટંકી જોવાય જતો નથી. પણ હીરાબાઈની વેદના જુદી હતી. બધા જેને રંડી જેવી સમજે છે ત્યારે એક હીરામન છે જે તેને આ ભાવથી જોતો નથી. એવું જોનારા સામે લડે છે. પણ તેને પોતાનો કરવો કઈ રીતે? પોતાને તો નૌટંકીમાં હીરામનને ન જોતાં થાય છે કે હીરામન કેમ ન આવ્યો? બીજી સવારે તે હીરામનને બોલાવવા માણસ મોકલે છે. હીરામન સંકોચાતો, અપરાધભાવગ્રસ્ત જાય છે. પણ હીરાબાઈ કહે છે કે, મારાથી અનાપ-સનાપ બકી જવાયેલું. પણ હીરામનનું ઘવાયેલું હૈયું શાંત નથી પડ્યું. હીરાબાઈ કહે તો પણ બેસતો નથી. હીરાબાઈ કહે છે કે ના બૈઠો. મૈં તુમ્હારી કૌન હોતી હું? લોગ મેરી અદાકારી દેખતે હે. મેરે મન કી પીડ કો ક્યા જાને? ને હીરામન હીરાબાઈના અંતરના ભાવને પામી તરત ક્ષમાભાવ અનુભવે છે. તે રાતે હીરાબાઈ લયલાનો પાઠ ભજવે છે અને તેના મનમાં મજનુ હીરામન છે. પોતાને ગમતા પુરુષની સ્ત્રી જે રીતે દરકાર રાખે એવી દરકાર રાખતી હવે તે થઈ છે. હીરામનની જિંદગીમાં કાંઈ અજીબ ઉત્સાહ ભરાઈ જાય છે. એક દિવસ તે હીરામન સાથે ફરવા નીકળે છે. હીરામન પૂછે ક્યાં જઈશું ? તો કહે કહી ભી લે ચલો. બંને વૃક્ષો વચ્ચે સૂના સ્થળે નીકળી પડ્યા છે. હીરાબાઈની મસ્તી આજે જુદી છે. તેનું એક પ્રિયતમામાં રૂપાંતરણ થઈ ચુક્યું છે. ઘર-ગૃહસ્થીનાં સપનાં જાગી ગયાં છે. બન્ને જણ એક જ શમણાને સહિયારું જીવી રહ્યા છે. પણ નૌટંકી જોવા એક જમીનદાર પણ આવે છે. આવા જમીનદારને આધારે જ કંપનીઓ સલામત ચાલતી હોય છે. બસ, કંપનીની બાઈ તેમને ખુશ કરે એવી શરત પળાવી જોઈએ. બસ એવા જ અધિકારથી જમીનદાર હીરાબાઈના તંબુમાં આવે છે. એક વાર પાછો મોકલે તો બીજી વાર આવે છે જમીનદારને ગુસ્સો છે કે આજકાલ એક ગાડીવાળો હીરાબાઈના મનની વાત સમજવા લાગ્યો છે. હીરાબાઈ જવાબ આપે છે. આપ કી નિગાહ મેં મૈં એક બાજારુ ઔરત હું ઔર ઉસકી નિગાહોં મેં દેવી. જમીનદાર કહે છે કે ગાડાવાળા સાથે તારો શો મેળ? આ તારી ગલતફહેમી છે. હીરાબાઈ જવાબ વાળે છે, ગલતફહેમી મેં જો નશા હે વો ન આપ કે એક એશ-ઓ-બાગમેં હે ઔર ન આપ કી વિલાયતી શરાબ મેં. ધૂંઆપૂંઆ થયેલા જમીનદારથી આ બેઇજ્જતી સહન નથી થતી. તે કહે છે જો તું મને મળશે નહીં તો હીરામનની લાશ પણ તને નહીં મળશે. ઓહ... એક નિર્દોષ પ્રેમની કથા ક્યાં પહોંચી ગઈ? હીરાબાઈ નક્કી કરે છે કે નૌટંકી હવે છોડી દેશે. કંપનીવાળા તેને સમજાવે કે હીરાબાઈ કો કોઈ ચાહનેવાલા ન હો હીરાબાઈ કો કોઈ દેખનેવાલા ન હો એવું બનશે. સમજાવે છે કે તું તો નૌટંકીવાળી બાઈ છે. એટલે હીરામન તને બેવફા સમજીને ભૂલી જશે. પણ હીરાબાઈને થાય છે કે એક નિશ્ચલ અને પ્રેમની પવિત્રતા જોનાર સાથે હું આ કરું? તે નિર્ણય લે છે કે લાખોં કી ભીડ મેં એક ઓર હીરાબાઈ ખો જાયેંગી લેકીન હીરામન કે સપને મેં તો હીરાદેવી બની રહૂંગી. પણ જતાં પહેલા તે હીરામનને મળવા માંગે છે. હીરામનને જ્યારે ખબર પડે છે ત્યારે હીરાબાઈ સ્ટેશન પર પહોંચી ચૂકી છે. હીરામન ગાડું દોડાવતો જેમ તેમ પહોંચે છે. તેને સમજાતું નથી આ શું બની ગયું. હીરાબાઈ તેને સ્ટેશન પર આવેલો જોઈ ખુશ થાય છે. ગાડી આવે તે પહેલાં કહે છે, અપને દેશ કી કંપની મેં જા રહી હૂં. ટ્રેન આવે છે ને અધૂરી વાતે હીરાબાઈ ટ્રેનમાં બેસી જાય છે. હીરામન આઘાતથી સ્તબ્ધ ઊભો છે. નર્યા પ્રેમની એક કહાની અચાનક અધૂરી કેવી રીતે બની ગઈ? ગીતકાર શૈલેન્દ્ર વડે નિર્મિત આ એક માત્ર ફિલ્મ. ફણીશ્વરનાથ રેણુની વાર્તા પરથી બનેલી આ ફિલ્મની પટકથા નબેન્દુ ઘોષે લખેલી અને સંવાદ સ્વયં રેણુજીના હતા. બાસુ ભટ્ટાચાર્યના દિગ્દર્શનવાળી આ પ્રથમ ફિલ્મ હતી. વહીદા રહેમાન અને રાજકપૂર બંનેએ એવી વાસ્તવિકતાથી પાત્રો નિભાવેલા કે જાણે સ્વયં હીરાબાઈ અને હીરામન પરદે ઉતર્યા હોય!